કાવ્ય-આચમન શ્રેણી

## એકાવન કાવ્યો

# મનહર મોદી

સંપાદકો
યોગેશ જોષી
ઊર્મિલા ઠાકર

એકત્ર ફાઉન્ડેશન

સંપુટ ૨
કાવ્ય-આચમન શ્રેણી

# એકાવન કાવ્યો

# મનહર મોદી


સંપાદકો
યોગેશ જોષી
ઊર્મિલા ઠાકર


Ekatra FOUNDATION

◀

## સંપાદકીય

હિમાલયમાં જન્મી, દરિયાને મળતી ગંગાની જેમ ગુજરાતી કવિતા વહેતી રહી છે. એમાંથી કાવ્ય-આચમન કરવાનું મન થયું. આચમન કરતાં જ કાવ્યભૂખ જાગી. ઇન્ટરનેટયુગ તો એકવીસમી સદીમાં વિકાસ પામ્યો. વીસમી સદીમાં તો કાવ્યભૂખ સંતોષવા ‘નગરી નગરી દ્વારે દ્વારે ઢૂંઢું રે સાંવરિયા’ની જેમ, ગ્રંથાલય ગ્રંથાલય ફરવું પડતું. કોઈ કાવ્યગ્રંથ ક્યાંય ન મળે તો છેવટે ગૂજરાત વિદ્યાપીઠ, ગ્રંથાલયનો કૉપીરાઇટ્સ વિભાગ ફંફોસવો પડતો.

ગુજરાતી કવિતાના દરિયામાં મરજીવાની જેમ અનેક વાર, વારંવાર ડૂબકીઓ મારી છે. મોટે ભાગે ખાલી છીપલાંના ઢગલેઢગલા હાથ લાગ્યા છે, પણ કોઈ કોઈ છીપલાંમાંથી સાચાં મોતી મળ્યાં છે. એ મોતીમાંથી નાનકડો નવલખો હાર કરવાનું અને કાવ્યપ્રેમીઓને ધરવાનું મન થયું. એમાંથી આ ‘કાવ્ય-આચમન શ્રેણી’નો વિચાર સ્ફુર્યો ને થયું, ગુજરાતી કવિતાના મહાઅન્નકૂટમાંથી પડિયા ભરી ભરીને પ્રસાદ વહેંચ્યો હોય તો? એક એક કવિ લઈ, એમનાં સમગ્ર કાવ્યોમાંથી પસાર થઈ, એકાદ પડિયામાં માય એટલો કાવ્યપ્રસાદ લઈને વહેંચીએ, ‘ગમતાંનો ગુલાલ’ કરીએ.

કાવ્યપ્રસાદના નાનકડા પડિયામાં બધી વિવિધ વાનગીઓમાંથી પસંદ કરીને જરી જરી મૂકી છે. આથી કેટલાંક ઉત્તમ કાવ્યોનો પડિયામાં સમાવેશ ન થાય એવુંય બને. પણ દરેક કાવ્ય નીચે એનો સ્રોત આપ્યો છે. વધારે પ્રસાદની ઇચ્છા થાય એ મૂળ કાવ્યસંગ્રહ સુધી જઈ શકે. દરેક કવિનો અને એમની કવિતાનો એક વિલક્ષણ લાક્ષણિક રેખાઓવાળો ચહેરો ઊપસે એ રીતે કાવ્યોની પસંદગી કરાઈ છે. ક્યારેક, શુદ્ધ કવિતાની દૃષ્ટિએ કોઈ કાવ્ય ઊણું ઊતરતું હોય એવુંય લાગે, પણ એમાં, ભલે સીધાં કથન દ્વારા, ઐતિહાસિક-સાંસ્કૃતિક-ભારતીય

સંદર્ભો પમાતા હોય તો તેવી રચનાઓમાંથીય કેટલીક આમાં સમાવી છે. દરેક કાવ્યગ્રંથમાં અંતે કવિ તથા એમની કવિતા વિશે પરિચયાત્મક આસ્વાદલેખ મૂક્યો છે. આ ‘કાવ્ય-આચમન શ્રેણી’ સહૃદય ભાવકોમાં કાવ્યભૂખ જગવશે એવી શ્રદ્ધા છે.

કાવ્યપ્રેમીઓને આ કાવ્યપ્રસાદ ઈ-બુક રૂપે આંગળીનાં ટેરવાંવગો કરી આપવા બદલ મિત્ર અતુલ રાવલ તથા એકત્ર ફાઉન્ડેશનનો હૃદયપૂર્વક આભાર માનું છું.

તા. ૨-૪-૨૦૨૧ **– યોગેશ જોષી**

અમદાવાદ

## આ શ્રેણીનાં સંપાદકો

**યોગેશ જોષી** (૧૯૫૫) બી.એસ.એન.એલ.માંથી ડેપ્યુટી જનરલ મૅનેજર તરીકે નિવૃત્ત થયા. નર્મદ સુવર્ણચંદ્રક, ધનજી કાનજી સુવર્ણચંદ્રકથી તેઓ સન્માનિત છે. કવિતા, નિબંધ, વાર્તા, નવલકથા, ચરિત્ર, સંસ્મરણ, અનુવાદ, સંપાદન તથા બાળસાહિત્યનાં તેમનાં લગભગ ૬૦ પુસ્તકો છે. તેઓ ૧૮ વર્ષ ‘પરબ’ના સંપાદક રહ્યા. દસેક વર્ષ તેમણે ‘વિશ્વમાનવ’ના સાહિત્યવિભાગનું સંપાદન સંભાળ્યું હતું.

**ઊર્મિલા ઠાકર** (૧૯૫૨) ગ્રંથાલયશાસ્ત્રનાં વિદુષી હોવા સાથે કવિતાનાં વ્યાસંગી છે. તેઓ સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગરમાંથી ગ્રંથાલય અને માહિતી-વિજ્ઞાન વિભાગનાં અધ્યક્ષ અને પ્રાધ્યાપક તરીકે નિવૃત્ત થયાં. ૨૦૧૯થી તેઓ ગુજરાત વિશ્વકોશમાં સેવાઓ આપે છે. તેમણે એમિરિટસ (Emeritus) પ્રોફેસર તરીકે પણ સેવા આપી છે. તેમણે ગ્રંથાલય અને માહિતીવિજ્ઞાનનાં આઠ પુસ્તકો આપ્યાં છે. કવિતા અને વાર્તાનાં સંપાદનો પણ તેમની પાસેથી મળ્યાં છે.

# અનુક્રમ


**આકૃતિ (૧૯૬૩)**

| | |
|---|---|
| ૧. દિલ તમોને... | ૭ |
| ૨. વરસાદ | ૮ |
| ૩. આપને જોયાં... | ૯ |
| ૪. ચોર | ૧૦ |
| ૫. મારો પરિચય | ૧૧ |
| ૬. ઘરથી | ૧૨ |

**ૐ તત્ સત્ (૧૯૬૭)**

| | |
|---|---|
| ૭. તરડાયેલા પડછાયા | ૧૩ |
| ૮. અગાસી | ૧૪ |
| ૯. ઉદાસીનું ટોળું | ૧૫ |
| ૧૦. તારા વિશે... | ૧૬ |
| ૧૧. કૂકડો | ૧૭ |
| ૧૨. વૃક્ષમાં | ૧૮ |
| ૧૩. પ્રણયની કબર | ૧૯ |
| ૧૪. દુઃખના પ્રસંગ... | ૨૦ |
| ૧૫. જીવી શકું હું... | ૨૧ |
| ૧૬. હલેસાંઓ... | ૨૨ |
| ૧૭. પોલાં શરીર... | ૨૩ |
| ૧૮. અવાજો | ૨૪ |
| ૧૯. કવિતા | ૨૬ |
| ૨૦. કદમ ખોલ દેડકાની પોળ | ૨૭ |

**અગિયાર દરિયા (૧૯૮૬)**


૨૧. અગિયાર દરિયા ૩૦
૨૨. અડધો ઊંઘે અડધો જાગે... ૩૧
૨૩. એમનું કેવું ગજું! ૩૨
૨૪. દૃશ્યો છે... ૩૩
૨૫. દો અઁખિયાં... ૩૪
૨૬. મેં પીધું... ૩૫
૨૭. કશું હોય ના... ૩૬
૨૮. સમય તો... ૩૭
૨૯. ઇચ્છાનું તોરણ... ૩૮
૩૦. ગયાં વર્ષો... ૩૯
૩૧. ઘણાં ઘર... ૪૦
૩૨. ખૂબ ઊંચે... ૪૧
૩૩. હતું ઊંઘમાં... ૪૨


**હસુમતી અને બીજાં (૧૯૮૭)**


૩૪. અમથાલાલને પ્રશ્ન ૪૩
૩૫. મનહર મોદીનો 'બકવાસ' ૪૫
૩૬. કીડી ૪૭


**એક વધારાની ક્ષણ (૧૯૯૩)**


૩૭. મગનલાલ સુંદરલાલ ચોકસી ૪૯
૩૮. હું અને એ ૫૩
૩૯. અછત ૫૬
૪૦. કમળમાંથી કમળ ૫૯
૪૧. બદામઘર ૬૦

## મનહર અને મોદી (૧૯૯૮)


| | |
|---|---|
| ૪૨. જા | ૬૧ |
| ૪૩. ધારો કે | ૬૨ |
| ૪૪. ઘોડો | ૬૩ |
| ૪૫. ઝળહળ | ૬૪ |
| ૪૬. તડકો | ૬૫ |
| ૪૭. એક | ૬૬ |
| ૪૮. કોરું કપડું | ૬૭ |
| ૪૯. બોલે ઝીણા મોર | ૬૮ |
| ૫૦. મનહરા! | ૬૯ |
| ૫૧. જાગ ને જાદવા | ૭૦ |
| કવિ અને કવિતાઃ મનહર મોદી | ૭૧ |

## ૧. દિલ તમોને...

દિલ તમોને આપતાં આપી દીધું,
પામતાં પાછું અમે માપી લીધું;
માત્ર એક જ ક્ષણ તમે રાખ્યું છતાં
ચોતરફથી કેટલું કાપી લીધું!

(આકૃતિ, ૧૯૬૩, પૃ. ૪)

## ૨. વરસાદ

વરસાદ વરસ્યો.
યાદ આવી એમની,
ને વળી
સાથે વિતાવેલા મધુર સંસારની,
ને અચાનક
જિંદગાનીનાં સુહાનાં સોણલાં
નષ્ટ કરીને
એમને લઈને જતા અંધારની,
ને
જુદાઈના ભરેલા ભારની.

વરસાદ વરસ્યો
વિસ્મૃતિનો એક કેવળ હતો ટેકો, ખસ્યો.
ને
અમારું ઘર પડ્યું.

(આકૃતિ, પૃ. ૫)

## ૩. આપને જોયાં

આપને જોયાં હતાં પલ વાર મેં
કે નિરાલી જોઈ'તી તલવાર મેં
ભેદ એનો હું નથી પરખી શક્યો
ઘા વિના જોઈ લીધો સંહાર મેં.

(આકૃતિ, પૃ. ૬)

## ૪. ચોર

ખખડ્યાં પર્ણ,
ઘડી
ઝોકે ચઢેલું
રાતરાણી – ફૂલ
ઝબક્યું.

જાગ્યો સાદ
ઊંડો:
'ચોર'!

પવન
મધરાત લઈ ચાલ્યો
ગયો.

(આકૃતિ, પૃ. ૭)

## ૫. પરિચય

એ જ છે મારા પરિચયની કથા,
ગા લ ગા ગાગા લગાગાગા લગા.

જિંદગી છે દાખલો વ્યવહારનો,
પ્રેમ પર આડા ઊભા લીટા થયા.

મૂક થઈ ઊભા રહી જોયા કર્યું,
મૌન દ્વારા પ્રશ્ન પૂછ્યા સામટા.

એમણે મુજ સ્થાન સમજાવી દીધું,
આંગળીથી નખ કરીને વેગળા.

એમની આંખોથી ઘર ખાલી કરું,
કોઈ દર્શાવો મને એવી જગા.

(આકૃતિ, પૃ. ૧૦)

## ૬. ઘરથી

તમે બોલો નહીં એવા જ સ્વરથી,
થવું પડશે ઊભા મારે કબરથી.

ઘણી બરબાદીઓ મેં જોઈ લીધી,
મને બોલાવ ના માસુમ નજરથી.

સુમન છું, બાગ છોડીને જવું ક્યાં,
વસંતો દોડશે પાછળ ફિકરથી.

મને વેરાન ઉપવન ના બતાવો,
બધું જોઈને હું આવ્યો છું ઘરથી.

ધરા, આકાશ અંધારું જ માગે,
ઊઠો સૂરજ, નયનના આ નગરથી.

(આકૃતિ, પૃ. ૧૮)

## ૭. તરડાયેલા પડછાયા

જાઓ,
તરડાયેલા પડછાયા પહોંચાડી આવો
સાગરમાં છે વહાણ ઊભું.
પથ્થરથી માથું ફોડે છે રાત.
ચૌટે ચૌટે ચર્ચા કરવા ભરબપ્પોરે આજે
ઊગ્યો ચાંદ.

કાલ રાતથી કૂકડા ઉપર બેઠો બેઠો આડોઅવળો
સૂર્ય ઊંઘે છે.
કૂકડો વેરે તેજ.
કૂકડો સૂરજ.
મિલની ચિમની માછલીએ માછલીએ ઊઘડે, બીડાય.
હાથીના દાંતો ચાવીને શહેર એની ઝીણી ઝીણી
આંખો જેવું થાય.
અડધી બોખી ડોશી જેવી
ક્ષિતિજ તણો એકાદો ટુકડો પણ જો માથે પડે —
અરે રે!
ભાગો, ભાગો
જાઓ.

(ૐ તત્ સત્, ૧૯૬૭, પૃ. ૮)

## ૮. અગાસી

આ આંખો છે પાણીના જેવી જ રેતી
કે ઊંટો ડૂબ્યાં ને તરે છે અગાસી.

હસે છે લીલું લાલ નળિયું રમૂજી
ને સળિયાઓ જેવું જુએ છે અગાસી.

ગઈ કાલની આજ કીડી બની ગઈ
અને દૂધમાં ઓગળે છે અગાસી.

બધી બારીઓ થાય છે બંધ ત્યારે
ઊઠે છે ને ઘરમાં ફરે છે અગાસી.

અહીં પાંદડાં જેમ ખખડે છે ફોરાં
પણે વૃક્ષ જેવું ઊગે છે અગાસી.

૧૯૬૭

(ૐ તત્ સત્, પૃ. ૧૦)

## ૯. ઉદાસીનું ટોળું

કરું છું હું બત્તી તો પડઘા ખરે છે,
હરે છે, ફરે છે ઉદાસીનું ટોળું.

મળે છે ને બે કાન માગે છે ત્યારે,
દીવાલો ધરે છે ઉદાસીનું ટોળું.

ગમે ના તો આંખોમાં બાંધે છે ફોરાં,
ને હૈયું ભરે છે ઉદાસીનું ટોળું.

સમયના પગોમાં ઊંઘે છે દિશાઓ,
એ જોયા કરે છે ઉદાસીનું ટોળું.

ઉછાળ્યા કરે રેત ઊંટોના જેવી,
અને વિસ્તરે છે ઉદાસીનું ટોળું.

(ૐ તત્ સત્, પૃ. ૧૦)

## ૧૦. તારા વિશે...

તારા વિશે કશુંય કહેવું નહીં ગમે,
મારા મુખે તો હું તને પથ્થર નહીં કહું.

ભટકી રહ્યા છે શ્વાસ અજાણી જગા ગણી,
હું જ્યાં રહું છું એને મારું ઘર નહીં કહું.

ચહેરો જ જાણે જોઉં છું તારા અવાજનો,
વાંચી રહ્યો છું એમને અક્ષર નહીં કહું.

મૂકી દીધી છે આંખમાં મંઝિલના નામથી,
વાગી હતી તે કાલને ઠોકર નહીં કહું.

રસ્તો જુએ છે ફૂલના જેવો ગુલાબને,
જોયા કરું છું એમ ખરેખર નહીં કહું.

(ૐ તત્ સત્, પૃ. ૧૦)

## ૧૧. કૂકડો

રાતને અળગી કરે છે કૂકડો,
આંખ કિરણોથી ધુએ છે કૂકડો.

ત્યાં ગયાં ત્યારે કિરણ શોધી શક્યાં,
શ્હેરના ખૂણે વસે છે કૂકડો.

કેમ દુનિયામાં બધે અંધાર છે?
સૂર્યને પ્રશ્નો પૂછે છે કૂકડો.

પ્રશ્નના ઉત્તર રૂપે ચારે તરફ,
જ્યોત કિરણોની જુએ છે કૂકડો.

એક બિંદુ તેજનું પામી જઈ,
શિર ઝુકાવીને નમે છે કૂકડો.

તિમિર કેરો ભેદ સમજાયા પછી,
કંઠને વ્હેતો મૂકે છે કૂકડો.

રાત વીતી ગઈ, હવે ઊઠો, નયન!
ઊંડે ઊંડે સાદ દે છે કૂકડો.

(ૐ તત્ સત્, પૃ. ૧૨)

## ૧૨. વૃક્ષમાં

સામે છે એ મકાનની બારી ન ખોલશો,
એનો અવાજ હોય તે ખખડે છે વૃક્ષમાં.

વરસાદ બંધ થાય છે ત્યારે બળી ઝળી,
ભીંતો બહાર જાય ને પલળે છે વૃક્ષમાં.

બપ્પોર છે, નિરાંતથી ઊંઘો શહેરીઓ!
રસ્તા બધા ય આજ તો ઊંઘે છે વૃક્ષમાં.

જોયા કરે પહાડ કે પોતાનું શું થશે?
ઝરણાં અસંખ્ય કેમ આ ફૂટે છે વૃક્ષમાં?

કોટિ કિરણ હશે કે હજારો સૂરજ હશે,
એકેક કેટકેટલાં સરકે છે વૃક્ષમાં!

વાળી દઈ ઉજાસ મેં મૂક્યો'તો પાંદડે,
એ કોણ આ અવાજથી બોલે છે વૃક્ષમાં?

ઊતરે છે જ્યારે સાંજ ને બેસે છે ડાળ પર,
ઊગ્યાં હો વૃક્ષ એટલાં પ્રગટે છે વૃક્ષમાં.

(ૐ તત્ સત્, પૃ. ૧૨)

## ૧૩. પ્રણયની કબર

અહીંયાં જ મારા પ્રણયની કબર છે,
ખરું કહો તમે, આ તમારું જ ઘર છે?

તમે બેકદર થઈ ગયાં તો હું સમજ્યો,
એ મારા સમા માટે સાચી કદર છે.

હૃદય મારું માટીનું કૂંડું થયું છે,
ફૂલો જેમ એમાં કોઈની નજર છે.

સુરાલય પછીથી હું શું કામ શોધું?
તમે પીધો એની મને પણ અસર છે.

મને મારું મન એમ આગળ કરે છે
કે મંઝિલની જાણે કે મુજને ખબર છે!

હવે કોને પોતાનાં ગણવા કહી દો,
અમારી જ સામે અમારું ભીતર છે.

મને રોક્યો મંઝિલના દ્વારે જઈ મેં,
કે મનમાં રહે; સ્હેજ બાકી સફર છે.

(ૐ તત્ સત્, પૃ. ૧૪)

## ૧૪. દુ:ખના પ્રસંગ...

દુ:ખના પ્રસંગ તો તો વધ્યા હોત એક બે,
ફૂલો મને જો આમ મળ્યા હોત એક-બે.

કોઈ મળ્યાં ને આટલી ઇચ્છા રહી ગઈ,
સાથે મળીને તારા ગણ્યા હોત એક બે.

આંસુ જો હોત આંખમાં બાકી, તો એમણે,
મારા જીવન-પ્રસંગ કહ્યા હોત એક-બે.

જીવી ગયા તો કોઈની આંખો હસી નહીં,
ચાલ્યા ગયા જો હોત, રડ્યા હોત એક બે.

પગલાં હું મારાં જોઈને ઊભો રહી ગયો,
પાછળ હતા તે ભૂલા પડ્યા હોત એક બે.

તેઓનો મારા હાથથી પર્વત બનાવતે,
પથ્થર હતા જે તે જો રહ્યા હોત એક-બે.

અંધારમાં ય ના મળી થોડીઘણી જગા,
સ્વપ્નાંઓ મારા સૂર્ય બન્યાં હોત એક-બે.

(ૐ તત્ સત્, પૃ. ૧૬)

## ૧૫. જીવી શકું હું...

જીવી શકું હું કઈ રીતે તમને સ્મર્યા વગર?
પાંપણ કદી ય રહી શકે મટકું ભર્યા વગર?

ચાલ્યાં મને ત્યજી તો નવો ખ્યાલ સાંપડ્યો,
ડાળી ગુમાવવી પડી ફૂલને ખર્યા વગર.

હૈયાની માછલીનો તરફડાટ નહીં જુઓ,
આંખોનું પાણી આપનું ખાલી કર્યા વગર.

ડૂબી ગયો તો આપનું સાન્નિધ્ય સાંપડ્યું,
પાણી ગયું કપાઈ સમંદર તર્યા વગર.

મંજિલ મળી છે એમ કહું તો એ ભ્રમ હશે,
પામ્યું નથી કફન અહીં કોઈ મર્યા વગર.

દર્શન નયનનાં પામવા દષ્ટિ થવું પડે,
ખુદને નિહાળી ના શકો દર્પણ ધર્યા વગર.

(ૐ તત્ સત્, પૃ. ૧૭)

## ૧૬. હલેસાંઓ...

હલેસાંઓ હેઠા પડી જાય ત્યારે
આ હોડીને ધક્કાઓ મારે છે પાણી.

મને ઝાંઝવાં જેમ આંખો મળે તો?
અહોહોહો શું શું વિચારે છે પાણી!

ડૂબી જાય લોખંડી સળિયાની છાયા,
ગઈ કાલથી આજ ભારે છે પાણી.

ઊભા છે પણે એ જ આવું કહે છે,
અહીંથી તો સામે વધારે છે પાણી.

હવા સાથ હિલ્લોળ લેતું ફરે છે,
ને પૂછો તો પાછું નકારે છે પાણી.

ભલે રાત આખી પડી જાય ઠંડું,
સવારે જ કપડાં નિતારે છે પાણી.

(ૐ તત્ સત્, પૃ. ૧૮)

## ૧૭. પોલાં શરીર...

પોલાં શરીર જેવા દેખાવ થઈ ગયા છે,
પથ્થર હતા તે અમને વાગી તૂટી ગયા છે.

રસ્તાનો કેફ છે કે મંઝિલનો એ નશો છે,
પગલાંઓ ચાલી ચાલી નિજને ભૂસી ગયાં છે.

એકાંતની પળોમાં મોંઘા હતા નિસાસા,
ખંડેરમાં જઈને સઘળા ડૂબી ગયા છે.

માઠી દશામાં એવા આધાર થાવ મારા,
મુજ આંખમાં એ નિજનાં આંસુ મૂકી ગયાં છે.

આંસુની મિત્રતામાં, આંસુની લાગણીમાં,
મારા અવાજ ગબડી ગબડી ફૂટી ગયા છે.

હમણાં જ આવશે એ, હમણાં પધારશે એ,
મુજ નામ ઠામ તેઓ હમણાં પૂછી ગયાં છે.

(ૐ તત્ સત્, પૃ. ૧૮)

## ૧૮. અવાજો

શહેરી થાંભલાઓ સાંભળે છે,
અતિ ઝાંખા ધુમાડાના અવાજો.

કરે છે એટલો ઘોંઘાટ રસ્તા,
મને વાગે છે પથ્થરિયા અવાજો.

તિરાડો (બારીઓ ના હોય!)માંથી,
કરે છે આવ જા લાંબા અવાજો.

રચાઈ જાય ગોળાકાર એવો,
જડાઈ જાય ચોખંડા અવાજો.

પ્રવેશે મોટા મોટા કાન જોઈ,
ઝીણાં જંતુઓ — સગવડિયા અવાજો.

સફેદી તીવ્ર નખથી કોતરીને,
દીવાલોમાં રડે કાળા અવાજો.

ઊભા છે એક પાછળ એક, સઘળા,
ન હાલે, ચાલે ગાડરિયા અવાજો.

અગાસીથી કૂદી, રસ્તાઓ વચ્ચે,
પડી કચડાય છે ઘરના અવાજો.

પરાણે પીંજરામાં જઈ પુરાયા,
લીલા રંગોના પોપટિયા અવાજો.

બધેથી થાય છે ઉપહાસ મારો,
બધે સંભળાય ખરબચડા અવાજો.

નદીની રેત માથા પર મૂકીને,
બગાસાં ખાય ઘાસલિયા અવાજો.

ઉડાડે થૂંક, ને પથ્થર ઉગાડે,
ક્રિયાશીલ સર્વ ધુમ્મસિયા અવાજો.

પણે ઓ જાય છે, ઓ જાય છે, ઓ!
અવાજો આ તે છે કેવા અવાજો!

બિલાડીની બે ઝીણી આંખ વચ્ચે,
દબાયા કૈંક ઉંદરિયા અવાજો.

કબૂતરની ફૂટેલી આંખમાંથી,
મને પાછા મળ્યા મારા અવાજો.

(ૐ તત્ સત્, પૃ. ૧૯)

## ૧૯. કવિતા

એકલ દોકલ ભડકે એવી
ભૂંડી.
ઓગાળે ખંડેર,
કાપે અવાજ,
ચીરે ધુમ્મસની ખોપરીઓ
ખોદે ઘાસ ઘાસનો રંગ.
ગલીકૂંચીમાં મકાન જેવી
ઊંડી.
ખાટું પહેરે,
પીળું ખાય.

(ॐ તત્ સત્, પૃ. ૨૩)

## ૨૦. કદમ ખોલ દેડકાની પોળ

મદન ગોપાલની હવેલીનો ઝાંપો
કવિશ્રી મનહર મોદીના
માથામાં
બાર વાગ્યાના
તેર ટકોરા પાડીને
હજી
હમણાં જ
ઊંઘી ગયો છે.
બે
પગ
પહોળા કરીને
કદમ ખોલ
દેડકાની પોળની સામેના
મારા મકાનમાં હું નથી હોતો ત્યારે
મારો પડછાયો
મને
મનમાં ને મનમાં ગમતા
એક લોખંડના સળિયાના સહસ્રશત ટુકડાઓ
કરી કરીને
દોઢ દોઢ ફૂટની
બારીઓ બનાવે છે.
ઉતાવળમાં ને ઉતાવળમાં ઉમરેઠમાં
ખાવો રહી ગયેલો
મોટી પૂનમનો સ્વાદિષ્ટ પ્રસાદ
મારી ડાબી આંખમાંથી જમણી આંખમાં
દોડી જાય છે.
અને રણછોડરાયજીના નામનો

તીખ્ખો તમતમતો
ઉચ્ચાર
કરતો કરતો
પોતાને જ સ્વાહા કરી જાય છે.
અમદાવાદની લાંબી લાંબી મૂછોનાં જેવા કાંકરિયા તળાવની
પાણીની સ્ટીમલૉન્ચ લક્ઝરી બસનાં પૈડાં સાથે
અથડાય છે
ત્યારે
હઠીસીંગનાં દહેરાંમાં ગોમતીપુરના ઝૂલતા મિનારાની
લંબાઈ
ઓગળી જાય છે.
મદન ગોપાલની હવેલીનો ઝાંપો
ક્યારેય
દેડકાની પોળના જેવો થઈ શકશે નહીં.
અને
મારા મકાનમાં હું ક્યારેય
પાછા પગલે
પગલે પગલે
પાછો પાછો
જઈ શકીશ નહીં.
અને
એટલે જ
મારો પડછાયો મને મનમાં ને મનમાં ગમતા
એક લોખંડના સળિયાના સહસ્રશત ટુકડાઓ
કરી કરીને
દોઢ દોઢ ફૂટની
બારીઓ બનાવે છે.
અમદાવાદની લાંબી લાંબી

મૂછોના જેવા કાંકરિયા તળાવની પાણીની
સ્ટીમલૉન્ચ લકઝરી બસનાં પૈડાં સાથે અથડાય છે
અને
હઠીસીંગનાં દહેરાંમાં ગોમતીપુરના ઝૂલતા મિનારાની
લંબાઈ
ઓગળી જાય છે
ત્યારે
મદન ગોપાલની હવેલી
અને
દેડકાની પોળ
એકબીજાને પકડવા માટે મારી આસપાસ
ગોળ ગોળ
ચક્કર ચક્કર
ફર્યા
કરે છે.

(ॐ તત્ સત્, પૃ. ૩૧)

## ૨૧. અગિયાર દરિયા

આપણે બે એ રીતે ભેગા થયા અગિયાર દરિયા,
એક ટીપું લાગણી છે સામટા અગિયાર દરિયા.

એકથી તે દસ સુધી ગણવું ઘણું અઘરું પડે છે,
સાવ સહેલી વાતમાં બેઠા થયા અગિયાર દરિયા.

આંખમાંથી એ વહે છે કેમ છો એવું કહે છે,
સાંભળે જો એક જણ તો દોડતા અગિયાર દરિયા.

ફૂલ પહેરી રોજ રાત્રે એક સપનું એમ ડોલે,
ઊંઘમાં આકાશ ઓઢી જાગતા અગિયાર દરિયા.

બંધ દરવાજા બધે છે બારીઓ કેવળ વસે છે,
હું અને તું હોઈએ ના? પૂછતા અગિયાર દરિયા.

આગમાંથી બાગમાંથી રાગમાંથી તાગમાંથી
લાગમાંથી ભાગમાંથી ક્યાં જતા અગિયાર દરિયા?

કૂદીએ તો બૂડીએ તો ઊગીએ તો ઓઢીએ તો
આથમે તો ઓગળે તો કેમના અગિયાર દરિયા?

શબ્દનું તો સાવ એવું પાતળી પડપૂછ જેવું
સાંભળે છે કોઈ અમથું ક્યાં ગયા અગિયાર દરિયા?

એ ખરું કે એમને આવા કદી જોયા જ ક્યાં છે?
આજ કેવા ઊછળે છે બોલકા અગિયાર દરિયા!

તે છતાં મારો સમય એમાં જ ઊગે આથમે છે,
જોકે પોતાના નથી કે પારકા અગિયાર દરિયા.

ગુર્જરી ગઝલો વિનાની પાંગળી ફિક્કી હજો ના,
લો લખી લો માલમિલકત આપણા અગિયાર દરિયા.

૧૫-૦૯-૮૫

(અગિયાર દરિયા, ૧૯૮૬, પૃ. ૩-૪)

## ૨૨. અડધો ઊંઘે અડધો જાગે...

અડધો ઊંઘે અડધો જાગે;
એ માણસ મારામાં લાગે.

એ જ વિચારો કાયમ આવે,
એકાદોયે કાંટો વાગે.

આ પડછાયો તે પડછાયો,
અહીંથી ત્યાંથી ક્યાં ક્યાં ભાગે!

બાર બગાસાં મારી મૂકી,
ગણું નહીં તો કેવું લાગે?

આ ઘર તે ઘર ઘરમાંયે ઘર,
માણસ માણસ માણસ માગે.

એક મીંડું અંદર બેઠું છે
એ આખી દુનિયાને તાગે.

હું ક્યાં? હું ક્યાં? શબ્દ પૂછે છે,
અર્થો કહે છે: આગે આગે.

૧૯-૧૨-૮૫

(૧૧ દરિયા, પૃ. ૮)

## ૨૩. એમનું કેવું ગજું!

એમનું કેવું ગજું!
મીથનું ખાધું વડું.

હે અછાંદસ! શું થયું
કેમ બોલે ખોખરું?

સાંજમાં ને રાતમાં
બે દીવાલોમાં વસું.

સર્પનો આકાર તો
સર્પથી ડંખે ઘણું.

ઊંઘમાં અજગર બનું
હા, બીજું તો શું કરું?

ઘર હતું તે ના રહ્યું
કહી શકું છું એટલું.

એક અંધારું હતું
તે પછી બીજું થયું.

એક અંધારું હતું
એ કહે, હું બહુ ગમું.

એક અંધારું કહે
એટલું બસ હું કહું.

૪-૮-૮૫

(અગિયાર દરિયા, પૃ. ૧૧)

## ૨૪. દશ્યો છે...

દશ્યો છે એની પાછળ બારી ઉદાસ ચહેરો,
અંદર-બહાર ખળભળ બારી ઉદાસ ચહેરો.

ઈશ્વરના ભાર જેવું ઊંઘે છે એક સપનું,
અટક્યું છે એક વાદળ બારી ઉદાસ ચહેરો.

એને જગાડવાનું સદ્ભાગ્ય હોય ક્યાંથી?
આરામમાં છે મૃગજળ બારી ઉદાસ ચહેરો.

તારી દિશામાં મારી ચારે દિશા મળે છે,
બોલે છે ખૂબ સાંભળ બારી ઉદાસ ચહેરો.

અમથામાં એ ઊગે છે આછામાં એ બૂડે છે,
કોઈ ઉકેલો ઝળહળ બારી ઉદાસ ચહેરો.

દેખાય તો ઘણું છે સમજાય તો બધું છે,
પહેલી સવાર ઝાકળ બારી ઉદાસ ચહેરો.

ટેકો છે ટાંકણી છે બસની ટિકિટ કેન્સલ,
વહેતો અવાજ ખળખળ બારી ઉદાસ ચહેરો..

૧૭-૦૯-૮૫

(અગિયાર દરિયા, પૃ. ૧૨)

## ૨૫. દો અઁખિયાં...

દો અઁખિયાં તગતગતી સરકી
 દીવાલમાંથી દીવાલમાંથી દીવાલમાંથી
ને અમને ખુલ્લામાં વળગી
 દીવાલમાંથી દીવાલમાંથી દીવાલમાંથી.

હોય સમય તો એને પૂછીએ
 બંધન ફંધન ક્યા હોતા હૈ?
ઘડિયાળો ગજવામાં ખખડી
 દીવાલમાંથી દીવાલમાંથી દીવાલમાંથી.

ચપટી લોકો ચપટી મૃગજળ
 ચપટી છાપાં ફિર ક્યા હોગા?
હું શું જાણું મેરી બિગડી
 દીવાલમાંથી દીવાલમાંથી દીવાલમાંથી.

લો આ તમને બારીમાંથી
 ઘરમાં મૂક્યા પલંગ પૂજ્યા
ખરી થઈ છે અમથી અમથી
 દીવાલમાંથી દીવાલમાંથી દીવાલમાંથી.

(અગિયાર દરિયા, પૃ. ૧૪)

## ૨૬. મેં પીધું...

મેં પીધું ને તેં ઢોળ્યું
હું ને તું ઉત્તર, દખ્ખણ.

અજવાળું અજવાળું છે
ઓળખીએ ઊછળતી ક્ષણ.

અધવચ્ચે કાપ્યો રસ્તો
પૂછું તો શું પૂછું પણ?

લાગે છે સાદી સીધી
પણ ઊંડી ઊતરે છે ક્ષણ.

એક અગાસી એમ જ છે
ને એમાં ઊભેલું જણ.

૨૯-૦૨-૮૩

(અગિયાર દરિયા, પૃ. ૧૭)

## ૨૭. કશું હોય ના...

કશું હોય ના ત્યાં ઘણું દેખવું,
અમારું નસીબ છેઃ સતત વેઠવું.

પડ્યા હોય તેઓ જ જાણી શકેઃ
છે સુંદર ને અઘરું ગગન ઠેકવું.

ઘણી વાર ઊંઘું તો લાગે મને,
કે ઓશીકે આખું જગત ટેકવું.

એ આંખો ને દૃશ્યોનો આભાર છે,
જે દેખાય એથી અલગ લેખવું.

એ સાચું કે ઘરમાં જવાયું નહીં,
ને રસ્તામાં રઝળી પડ્યું ભેટવું.

બનાવું છું અંધારને આંગળી,
ને દીવા વગરની ઝબક પેટવું.

પ્રસંગો બધાયે કડીબદ્ધ છે,
કહે છેઃ લખી લો ફક્ત 'છેકવું'.

૬-૦૪-૮૪

(અગિયાર દરિયા, પૃ. ૨૧)

## ૨૮. સમય તો...

સમય તો નદી છે વહ્યે જાય છે,
આ શબ્દોને શું છે કે અમળાય છે?

ગણું છું યુગોથી ને ભૂલો પડું
ઘડી બે ઘડી ક્યાં પૂરી થાય છે!

છે એવો અનુભવ કે ખસતો નથી
હું ચાલું તો રસ્તાઓ લંબાય છે

છે આંસુ ને આઘેથી મોળું રહે
ને અડકો તો દરિયો ઉલેચાય છે.

મને માર્ગમાં એક મીંડું મળ્યું
અને વાત અહીંયાં પૂરી થાય છે.

*

અને વાત અહીંથી શરૂ થાય છે.

૧૬-૦૫-૮૫

(અગિયાર દરિયા, પૃ. ૨૮)

## ૨૯. ઇચ્છાનું તોરણ...

ઇચ્છાનું તોરણ બાંધું છું,
કાચી કોરી ક્ષણ બાંધું છું.

કામ ચીંધ્યું છે અંધારાએ,
સવારનું ડહાપણ બાંધું છું.

સીધો રસ્તો સાવ ગમે ના,
ખાડાઓ બે ત્રણ બાંધું છું.

ઘર ઝઘડો સળિયા વંટોળો,
વિચારમાં કંઈ પણ બાંધું છું.

આંખોમાં આંસુ ના ખૂટે
દરિયાની સમજણ બાંધું છું.

(અગિયાર દરિયા, પૃ. ૩૧)

## ૩૦. ગયાં વર્ષો...

ગયાં વર્ષો હવે આવ્યાં – અને આઘાત ચાલે છે;
સવારે કોણ જાણે કેમ એવી વાત ચાલે છે.

ઘણી વેળા મને થઈ જાય કે મારા ઉપર પડશે,
અચાનક આંખમાં ઊગીને કેવી રાત ચાલે છે!

બને તો એમને કહેજો કે ખુશબો મ્યાનમાં રાખે,
બગીચામાં બધાં ફૂલોની હમણાં ઘાત ચાલે છે.

હકીકતના બધા દરવાજા તાળું શોધવા લાગ્યા,
કોઈ ઊંઘી ગયું છે એનો પ્રત્યાઘાત ચાલે છે.

સમયનું નામ મુઠ્ઠી હોય તો એ ખોલવી પડશે,
– અને ઘડિયાળમાં કાંટા દિવસ ને રાત ચાલે છે.

૧૫-૬-૮૫

(અગિયાર દરિયા, પૃ. ૩૨)

## ૩૧. ઘણાં ઘર...

ઘણાં ઘર થાય છે ખાલી જગતમાં
છતાં રસ્તા તો રસ્તામાં રહે છે.

બરફ થઈ જાઉં તો સારું હવે તો
બધા લોકો મને પાણી કહે છે,

બગાસાં છે કે ટોળાં છે નકામાં
દિવસ ને રાત ગણગણતાં રહે છે.

નદી, સાગર એ સમજે છે બિચારાં
ઊછળતાં કે ધીરાં, પાણી વહે છે.

મૂકી દઉં આજ અક્ષરને ખીસામાં
ઘણા દિવસોથી ખાલીખમ રહે છે.

(અગિયાર દરિયા, પૃ. ૪૬)

## ૩૨. ખૂબ ઊંચે...

ખૂબ ઊંચે ચડી ગયો છું હું,
છેક નીચે પડી ગયો છું હું.

એક હાથે મને મેં તરછોડ્યો,
અન્ય હાથે અડી ગયો છું હું.

મેં મને ખૂબ ખૂબ ઘૂંટ્યો છે
ને મને આવડી ગયો છું હું.

થાય છે કે ફરીથી બંધાઉં,
સામટો ગડગડી ગયો છું હું.

બંધ થઈ જાઉં આજ શબ્દ બની,
એટલો ઊઘડી ગયો છું હું.

(અગિયાર દરિયા, પૃ. ૪૭)

## ૩૩. હતું ઊંઘમાં...

હતું ઊંઘમાં ઊંઘ જેવું ઉઘાડું
કરે છે હજી કેમ 'હોંચી' ગધાડું?

પવનની ગતિ એમ લાગે છે જાણે
દિશાઓ ઉપાડીને ચાલે છે ગાડું.

વીતેલી ક્ષણો કાચ જેવી બરડ છે
કહો તો તમારા ઉપર હું પછાડું.

સ્મરણના ખભા બેય થાકી ગયા છે
તને કેટલી વાર ક્યાંથી ઉપાડું?

દીવાલોને બાંધી દઈ એક પડખે
પડ્યું છે કોઈ કૈંક વર્ષોથી આડું.

નથી માત્ર બે આંખ ને બંધ મુઠ્ઠી
જગત એક આખું પડ્યું છે ઉઘાડું.

કરે છે હજી કેમ 'હોંચી' ગધાડું?
મેં અક્ષર ભર્યા છે, હું ખેંચું છું ગાડું.

૧૯૬૯

(અગિયાર દરિયા, પૃ. ૫૧)

## ૩૪. અમથાલાલને પ્રશ્ન

અમથાલાલ બારી બની ગયો છે
ત્યારથી
ઘર દીવાલ બની ગયું છે.
અને
દીવાલ તૂટી ગઈ છે
ઈંટોમાં તિરાડ પડી છે
અને
તિરાડે તિરાડે
બેસી બેસીને
સૂરજનું સોનેરી–રૂપેરી કિરણ
રોજ રોજ
નિસાસા નાખે છે.

એક દિવસનો
એક નિસાસો એટલો ઝીણો હોય
કે
આકાશ એને સાંભળવા આંખ આડા કાન ધરે
અને
પૃથ્વી એની પગની પાનીને જોયા કરે.
આભ અને ધરતી
ઘર અને દીવાલ
બારી અને બારણાં
હું અને તું
કેવો સંદર્ભ!

તે હેં અમથાલાલ! તું આ અમથાલાલ, તે અમથાલાલ,
ઓલો અમથાલાલ, પેલો અમથાલાલ, કોઈ પણ અમથાલાલ
કેમ ના બન્યો, તે, કે તને માણસ બનવું,

માણસ રહેવું ના ગમ્યું તે,
કે તેં તારું અસ્સલ રૂપ જે હતું તે,
તે તું બારી બની ગયો?
અમથાલાલ! જવાબ આપ
તું શા માટે બારી બની ગયો?
મારે બારીમાંથી
ડોકિયું કરવું છે.

(હસુમતી અને બીજાં, ૧૯૮૭, પૃ. ૮)

## ૩૫. મનહર મોદીનો 'બકવાસ'

સંકલ્પો
બંકલ્પો
ગપ્પીઓ લપ્પીઓ થપ્પીઓ
કહી દો કે મનહર મોદીનું નામ ઈશ્વર છે
અને ઈશ્વર તો ક્યારનોય મરી પરવાર્યો છે.
ઈશ્વરનું મૃત્યુ થયું ત્યારે તેની આંખો પહોળી થઈ હતી
અને જીભ તાળવે ચોંટી ગઈ હતી
તે જોઈને (બરાબર લાગ મળ્યો છે એમ ધારીને!)
એક કાગળના એક ડૂચામાં એક અંધારું એવું તો પુરાઈ ગયું
કે બસ
તે પછીથી સૂરજ ઊગ્યો જ નથી.

અને તેથી જ હવેથી મનહર મોદીનો સૂરજ ઊગશે
ત્યારે
મનહર મોદીની રાત નહિ પડે.

મનહર મોદીને ઊંઘવું હશે ત્યારે મનહર મોદી જાગશે
મનહર મોદીને ખાવું હશે ત્યારે મનહર મોદી પીશે
મનહર મોદીને ઊભવું હશે ત્યારે મનહર મોદી ચાલશે.
મનહર મોદી મનહર મોદીના નામનો બકવાસ કરી કરીને
મનહર મોદીને મારી નાખશે.
મનહર મોદી હતો
મનહર મોદી છે
મનહર મોદી નથી.

સંકલ્પો
બંકલ્પો
ગપ્પીઓ લપ્પીઓ થપ્પીઓ
કહી દો

કે
મનહર મોદીનું નામ ઈશ્વર છે
અને
ઈશ્વર તો ક્યારનોય મરી પરવાર્યો છે.

(હસુમતી અને બીજાં, પૃ. ૩૦-૩૧)

## ૩૬. કીડી

મારું નામ
કીડી.
હું આઠ માળ ચઢી
તોપણ
હાંફી નહીં
ને
પડી
તો
છેક નીચે ગઈ
પણ
મરી નહીં.

મારું બળ મારી ગતિ છે
હું ચાલું છું
ધીમી
પણ
દોડું છું પૂરપાટ.

મને કોઈ કહે કે માણસ થવું છે ?
તો
હું ના પાડું.
માણસ થવાથી
આઠ માળ ચઢીને
હાંફવું પડે છે
અને
પડી જઈને
છેક નીચે જઈ શકાતું નથી
અને

અધવચ્ચે જ
અથડાઈ-કુટાઈને
મરવું પડે છે.
એથી તો ભલી
હું
કીડી
નાની
ને
અમથી.
મારો કોઈને ભાર નહીં,
મને પણ.

(હસુમતી અને બીજાં, પૃ. ૩૪-૩૫)

## ૩૭. મગનલાલ સુંદરલાલ ચોકસી

મગનલાલ સુંદરલાલ ચોકસી
અહીં રહે છે?
કોણ?
પેલા ઊંચા ઓટલાવાળા!
માથે ફેંટો બાંધે છે!
આંખ બાંડી છે!
ગલ ગલ ચાલ ચાલે છે!
ગદ્ ગદ્ અવાજ કાઢે છે!
નાચે છે ને રાચે છે!

ના જી
એ તો પવનને ગજવે ઘાલે છે
દિશાઓના કાનને આમળે છે
રાત્રિના અંધારામાં
એક મકાનને
બીજા મકાનના પાછલા ભાગમાં
ફિટ કરે છે
એક
પરિણીતાના મનમાં રહી ગયેલા
છાનામાના
અક્કલહોશિયારીથી ઇસ્ત્રીબંધ ઝૂરતા
ઓરતાને
આછી હળવી
ટપલી મારી
ઢંઢોળે છે
અને પૂછે છે:
કેમ અલી, તારો પરણ્યો સારો કે પ્રેમી?
તું કાદંબરી કે ખેમી?

તને
કોણ પહોંચે
તારો માંહ્યલો
કે
વહેમી?

ના જી.
અમે જાણીએ ના
તો
ઓળખીએ કેમ કરી?

એક વાત છે
સુંદર રાત છે
એક ક્ષણ ઝળહળ
બીજી ક્ષણ બળબળ
ત્રીજી ક્ષણ
એણે મૂકી દોટ
એની પાછળ
વણજારાઓ જેવા આડાઅવળા
લબરમૂછિયા
અલબેલા ઓચિંતા
અગડી બગડી ગયેલા
ધૂળધોયા
કાળા ડામર
કૂતરાઓની
હાઉ હાઉની પોઠ
માફ કરો
હું છું
ઠોઠ.

મગનલાલ સુંદરલાલ ચોકસી
અહીં
રહે છે?

હા જી.
પણ હવે એમણે
એમનું નામ
બદલ્યું છે
હવે તમારે
કદાચ
ફરી
આવવાનું થાય
અને
ઇચ્છા જાગે
તો
પૂછજો
કે
ખિસકોલીના કાન ખોતરીને
યુવાન થયેલા
પગલે પગલે પાછા ગયેલા
સમય નામના બંદરને
ડુગડુગી વગાડી
નાચ નચાવતા
ખેલ ખેલાવતા
મનહરલાલ શાંતિલાલ મોદી
અહીં રહે છે?

હા, જી.
એ –
ખુરશીનો પડછાયો

પછાડે છે
ધોળીપાતળી
પોચી પડી ગયેલી
દીવાલોને
ઊંચીનીચી અને આડીઅવળી
કરી
એક વખત
ખોવાઈ ગયેલો
અને
એક વખત
પોતે સંતાડેલો
એમનો પોતાનો ચહેરો
ખુલ્લો કરે છે
અને
બતાડે છે
હા, જી.
મગનલાલ સુંદરલાલ ચોકસી
અહીં રહે છે.

(એક વધારાની ક્ષણ, ૧૯૯૩, પૃ. ૧-૫)

## ૩૮. હું અને એ

હું અને એ
કેટલાંય વર્ષે
ઘરની બહાર નીકળ્યાં

પાનના ગલ્લે
જઈ
હૂંફાળું સ્મિત કરી
પાનનો ઑર્ડર આપ્યો:
સાદો મસાલો
લવલી ચટની ઇલાયચી
ચાર દાણા શેકેલી સોપારી
અને સહેજ અમથી ઇજમેન્ટ.

પાનવાળાએ હસતાં હસતાં કહ્યું:
મારા બાપા કહેતા હતા
કે
એમના પિતાના જમાનામાં
કોઈ કોઈ લોકો
આવું સાદું
ઝનાના પાન
પ્રેમથી ખાતા.
એ જમાનો ગયો
હવે તો
તમતમતું તમાકુ
ન હોય તો
પાન ખાવાની
અને
બનાવવાની શી મજા?
મોચી કહે:

ચંપલને સાંધવાનું
કે
ટાંકા મારવાનું
ક્યારનુંય બંધ છે.
શાકવાળો કહે:
કિલોનો ભાવ ગયો
નંગ કેટલા જોઈએ છે
તે
બોલો.
ચાલતાં ચાલતાં
અમને થયું:
હવે તો ચાલવાનું પણ જુનવાણી ગણાય
એનો વિચાર કરીએ
એટલે ચાલ્યાં
અને
બહુ વિચાર કરીએ
તો
ખૂબ ખૂબ ચાલ્યાં
અને
થાક્યાં.

મોડી રાત્રે
ઘરમાં પાછાં ફરતાં
એવું થયું
કે
ન પૂછો વાત.
પહેલાં એણે બારણું ખોલ્યું.
અને એ ગઈ.

બારણું બંધ.
પછી મેં બારણું ખોલ્યું
અને હું ગયો.
બારણું બંધ.
અંદર ગયા પછીથી
એ
એના રૂમમાં
અને
હું મારા.
મને થયુંઃ
મારું ઘર
એક એક ઇંચ
આગળ ખસી રહ્યું છે.
એને થયુંઃ
એનું ઘર
એક એક ઇંચ
પાછળ ધસી રહ્યું છે
બસ.

એ પછીથી
હું અને એ
કદી
એકબીજાંને મળ્યાં નથી
ઘરની બહાર ગયાં નથી
કેમ છો, પૂછ્યું નથી
ખાધું નથી
પીધું નથી
અને
રાજ કીધું નથી.

(એક વધારાની ક્ષણ, પૃ. ૬-૯)

## ૩૯. અછત

અછત છે
મને
અહીં
મારી.
કૅલેન્ડરની તારીખનો રંગ
રાતો
દરિયાનું મોજું કાળું
બાથરૂમની ચકલી
ટિરિન ટિરિન.
સાબુનું ફીણ ધડાક ધક.
કાળી કીડીઓ ઉઘાડ-બંધ થાય છે
ફટાક ફટ.
આ કઈ ટ્રેન ચાલે છે
મારા પગ ઉપર?
આ કોણ બગાસાં ખાય છે
મારી આંખમાં?
મને કોણ દઝાડે છે
પગથી માથા સુધી?
એક પછી એક ક્ષણ
મારા સ્વચ્છ સુંવાળા ચોખ્ખા
વિચારોને ધક્કા મારી પછાડે છે
ધૂળમાં રગદોળે છે.
ખડે પગે ચોકીપહેરો ભરે છે પવન
સોળ વરસની સુંદરીનું
ઊંચુંનીચું થાય છે ગવન.

ડર નહીં બાલિકે!
તારા વાંકડિયા વાળ

છે એમ ને એમ રહેશે
અડીખમ ટટ્ટાર.
અટક્યા વગર સતત
ચાર કલાક સુધી ચવાણું ખાઓ
છ ગ્લાસ પાણી પીઓ
દિશાઓને ગજવામાં ભરીને જીઓ.
કટ કટ કટ કટ
ટક ટક ટક ટક
સીડી પલંગ પતાસું
ઘર બારણું છજાનું ઓશીકું
વખત મૂઠ નાર
ચાર દિવસ ચોસઠ સવાર
સવા લાખ લાગણીઓ લટકે
ઉપર-નીચે
મને
ઓ આમ, અરે તેમ, આડીઅવળી
ઊંધીસીધી અડકે
મને મારા ઉપર પટકે
ફટાક ફટ
ખટ ખટ
વ્હિસલ દોડે
સિગ્નલ ગબડે
આખું જગત ઊંચુંનીચું થાય
નાનુંમોટું ઊછરે
આકાશથી પણ મસમોટી આંખ
પોતાની પાંપણો પટપટાવે
મારું સપનું
સોળ સહસ્ર રાણીઓની ભાષા બોલે

હસ્તિનાપુરથી અમદાવાદ
પહોંચતાં કેટલો વખત વીતે? —
એનો જે સાચ્ચો જવાબ આપે એ જીતે.
ધડાક ધડ
કોણ બગાસાં ખાય છે
મારા કાનમાં?
મારા માથામાં કોણ ફિટ કરે છે
મારો મનગમતો મતવાલો મસ્તીખોર
બાથરૂમ!
મંદ મંદ સ્મિત કરંતી
કાળી કીડીઓ દરિયાનું મોજું ઊંચકી
કેમ આવે છે મારી પાસે?
ટિરિન ટિરિન
એક પછી એક ક્ષણ
મારા ગરબડિયા ગોટાળિયા ઉચ્છૃંખલ
વિચારો પર સુંવાળો પવન વીંઝે છે
ચારે દિશાઓ ઊઠ-બેસ કરે છે
ગમ્મતના ગુબ્બારાઓ ઊડે છે મારી આસપાસ
હું ખેંચાઉં છું
સસલાથી તડકાથી તળાવથી ઘરથી બારીથી પ્રેમથી રસ્તાથી
મુસાફરીથી થાકથી હલનચલનથી વાતથી વિસાતથી રાતથી
દિવસથી હાશથી.
દૂર દૂર સુધી કોઈ અજાણી અમસ્તી નકામી નાકામિયાબી
મને ખેંચે છે
ઋજુ ઋજુ હળવું હળવું
અરે કોઈ છે?

(એક વધારાની ક્ષણ, પૃ. ૪૭-૫૦)

## ૪૦. કમળમાંથી કમળ

કમળમાંથી કમળ ગયું
અને
શબ્દમાંથી શબ્દ.
એક વાર નહીં
વારંવાર આવું બનતું રહે છે
એની અમને ખબર છે
અને એટલે જ અમે ચાલીએ છીએ
પગ પછાડતાં
ખુલ્લી સડક પર
એક નવી સડક ચડાવતાં
ઉત્તરમાં દખ્ખણને આઘુંપાછું અડાડતાં
સૂરજમાં આકાશને ઊંચુંનીચું વળાવતાં
અમદાવાદની ચકલીની ચીંચીંમાં
ભરૂચની બકરીની બેં બેં જગાડતાં
અમારી આંખમાં અમારા હાથનાં કર્યાં વાદળના
ઢગલે ઢગલા ઉડાડતાં
અમે અમને એવા લાગ્યા
એવા લાગ્યા
કે
અમે અમારામાંથી નીકળીને ગયા આગળ
આગળથીયે આગળ
અને પાછળથીયે પાછળ
એવા અને એટલા આગળપાછળ
કે
કમળમાંથી કમળ ગયું
અને
શબ્દમાંથી શબ્દ.

(એક વધારાની ક્ષણ, પૃ. ૬૨)

## ૪૧. બદામઘર

ઘટનાનો આકાર છે ગોળ,
કપડાંમાં પાણીને બોળ.

ફિક્કું ખા કે તીખું છોડ,
સરવાળે સઘળું ઓળઘોળ.

જાતઅનુભવ એવો છે,
દરિયો સજે એક જ છોળ.

સરનામું છે એનું એ,
ખાટી પોળ કે તીખી પોળ.

ડગલે ડગલે હાંફે છે,
દુનિયા આખી ગોળમટોળ.

ઊંઘે છે કે જાગે છે?,
અક્ષરને આખો ઢંઢોળ.

ઈશ્વર જેવો લાગે છે,
ઓ ઊભો ત્યાં એક ડફોળ.

ડોલે છે ને દોડે છે,
મનહર મોદીની ચગડોળ.

બદામઘર છે યુ.એસ.એ.,
હિન્દુસ્તાની આંખો ચોળ.

૦૯-૧૫-૯૩
ન્યૂ જર્સી-અમદાવાદ

(એક વધારાની ક્ષણ, પૃ. ૧૨૩)

## ૪૨. જા

ખૂબ ખૂબ તડકો ખા
વૃક્ષ! વૃક્ષ! મોટું થા

એક ડાળ સુક્કી છે
એમ થાય તારી ના

ડૂબવા જવું છે ને?
તું કહે તો મારી હા

સૂર્ય છે, અગાસી છે
એમ તારું ગાણું ગા

આજ એમ ઊભો છું
જેમ તું કહે છે, જા.

૧૯૯૭

(મનહર અને મોદી, ૧૯૯૮, પૃ. ૭)

## ૪૩. ધારો કે

ધારો કે હું ધારું છું
હું લીલું લલકારું છું.

મારો સૂરજ સાદો છે
એને હું શણગારું છું.

હોડીમાં હું બેઠો છું
દરિયાને હંકારું છું

ફાગણમાં ફૂટ્યું ફૂલડું
ચૈતરમાં વિસ્તારું છું

ભડકાજી, આવો ઘરમાં
હું સૌને સત્કારું છું.

૩-૧૧-૧૯૯૮

(મનહર અને મોદી, પૃ. ૮)

## ૪૪. ઘોડો

શોધું છું તો ખોવાયો,
ક્યાંયે હું ના દેખાયો

ઓ રે ઓ રે અક્કરમી,
આઘેથી કાં અથડાયો!

થાકે તેને ઊંચકે છે,
હું ને મારો પડછાયો.

દરિયો તારો કેવો છે?
મારી આંખે છલકાયો.

મારામાં દોડે ઘોડો,
તબડક તબડક ડોકાયો.

૮-૧૧-૧૯૯૮

(મનહર અને મોદી, પૃ. ૧૩)

## ૪૫. ઝળહળ

ઝળહળ ઝળહળ અંધારું છે,
હું એનો ને એ મારું છે.

આ ઘર ઓ ઘર ને એ એ ઘર,
ના મારું કે ના તારું છે.

વાંધો શો છે વ્હેંચી લઈએ,
અજવાળું તો મજિયારું છે.

દુ:ખને દુ:ખ ભેટે છે હોંશે,
આવું સુખ સૌથી સારું છે.

કોક વખત એવું પણ લાગે,
અજવાળું તો અંધારું છે.

આભ અને એથી ઊંચે તું,
પંખી કેવું ઊડનારું છે!.

પડવું, ઊઠવું, ચાલ્યા કરવું,
ભઈલાજી, આ સંસારું છે.

૩૦-૧૧-૧૯૯૭

(મનહર અને મોદી, પૃ. ૧૭)

## ૪૬. તડકો

તારો વિશેષ સ્પર્શ ફરી માણવા મળે,
આકાશ હોય આંખમાં ને ચાલવા મળે.

તડકો ટચાક ટેરવે ઝૂલે ને ગણગણે,
મારી સમીપ એમ મને આવવા મળે.

ખખડે છે દ્વાર એમનાં આવાગમન સમાં,
સાચે કશું ન હોય છતાં આવ-જા મળે.

ટુકડો સુંવાળું સુખ મને ના કામનું જરા,
આખું મળે તો થાય, તને આપવા મળે.

ઊગે છે કોઈ આંખમાં એવાંય સ્વપ્ન બે,
એક દેખવા મળે ને બીજું દાઝવા મળે.

(મનહર અને મોદી, પૃ. ૨૪)

## ૪૭. એક

એક સપનું એ રીતે આગળ વધ્યું
ખૂબ રઝળી દશ્ય ઠેકાણે પડ્યું.

એક પંખી પાંખ પર વાદળ મૂકી
આભમાંથી આંખમાં આવી ચઢ્યું

એક જંગલ બંધ મુઠ્ઠીમાં હતું
ઊંઘમાં ને ઊંઘમાં ભડભડ બળ્યું

એક જણના કાન લંબાતા ગયા
એમણે ચૂપચાપ શુંનું શું કહ્યું

એક દિવસ એમનું રસ્તાપણું
આપણું ઘર બાંધવા પથ્થર બન્યું

એક વેળા જાતને પૂછ્યા વિના
કોઈએ હાથે કરી માથું ઘસ્યું

એક નખનો વાઘ આવે છે નજીક
જીર્ણ ઘોડું ચોતરફ જોતું રહ્યું.

૧૯૯૪
૧૯૯૫

(મનહર અને મોદી, પૃ. ૩૬)

## ૪૮. કોરું કપડું

ચોરેચૌટે સઘળું જોવું ગજવે ઘાલ્યું
રસ્તાનું રસ્તામાં હોવું ગજવે ઘાલ્યું

ક્યાં છે હું ને કેવો હું છે કેમ કહું હું?
જાત બચાવી ખુદને ખોવું ગજવે ઘાલ્યું

આંખ વિશે અંગાર વિશે હું તો શું જાણું?
કોરું કપડું છબછબ ધોવું ગજવે ઘાલ્યું

કરમધરમની માયા મોટા ભૂસકા જેવી
આપ મૂઆના સુખને રોવું ગજવે ઘાલ્યું

નાનો પણ સરવાળો મોટી વાત બને છે
જેનું તેનું આંસુ લોવું ગજવે ઘાલ્યું.

ડગલે ડગલે અંધકારનું અજવાળું છે
લોકોનું જોવું ના જોવું ગજવે ઘાલ્યું

એ જ ખરું છે એ જ સત્ય છે અંતિમ ટાણું
પોતાનું હોવું ના હોવું ગજવે ઘાલ્યું.

(મનહર અને મોદી, પૃ. ૪૭)

## ૪૯. બોલે ઝીણા મોર

પાંપણના પોચા પલકારે બોલે ઝીણા મોર,
અડધાથી પણ અડધી રાતે બોલે ઝીણા મોર.

તડકો ટપલી દાવ રમે ને ઘાસ લીલું લહેરાય,
આઘા પાછા કલકલ નાદે બોલે ઝીણા મોર.

છલ્લક છલ્લક છલ છલકાવે તલ્લક તલ્લક તંન,
મલ્લક મલ્લક લાખ પ્રકારે બોલે ઝીણા મોર.

હું ને તું ને તેઓ સર્વે બધું એકનું એક,
માયા બોલે એમ જ જાણે બોલે ઝીણા મોર.

પૂરવ પચ્છમ શબ્દે શબ્દે માંડે મોટા કાન,
ઉત્તર દખ્ખણ પડઘા પાડે, બોલે ઝીણા મોર.

માણસ છો તો માણસ રહીને કરજો એવાં કામ,
ઈશ્વર જોવા દોડી આવે, બોલે ઝીણા મોર.

કોણ જગત ને કેવી દુનિયા સાચો એક જ હું,
પોતે હો પોતાની પાસે, બોલે ઝીણા મોર.

૧૯૯૬

(મનહર અને મોદી, પૃ. ૬૨)

## ૫૦. મનહરા!

સાચેસાચું બોલ, મનહરા!
મણનું મોઢું ખોલ, મનહરા!

જીવતર કાણી ડોલ, મનહરા!
ખાવા લાગે ઝોલ, મનહરા!

અજવાળું અણમોલ, મનહરા!
પોતાને તું તોલ, મનહરા!

સુખને દુઃખથી ફોલ, મનહરા!
મોંઘા એના મોલ, મનહરા!

મીઠું મીઠું બોલ, મનહરા!
ઈશ્વરનું ઘર ખોલ, મનહરા!

૬-૨-૧૯૯૭
૨૦-૧૦-૧૯૯૭

(મનહર અને મોદી, પૃ. ૬૪)

## ૫૧. જાગ ને જાદવા

તેજને તાગવા, જાગ ને જાદવા,
આભને માપવા, જાગ ને જાદવા.

એક પર એક બસ આવતા ને જતા,
માર્ગ છે ચાલવા, જાગ ને જાદવા.

આંખ તે આંખ ના, દૃશ્ય તે દૃશ્ય ના,
ભેદ એ પામવા, જાગ ને જાદવા.

શૂન્ય છે, શબ્દ છે, બ્રહ્મ છે, સત્ય છે,
ફૂલવા ફાલવા, જાગ ને જાદવા.

ઊંઘ આવે નહીં એમ ઊંઘી જવું,
એટલું જાગવા, જાગ ને જાદવા.

આપણે આપણું હોય એથી વધુ,
અન્યને આપવા, જાગ ને જાદવા.

હું નથી, હું નથી, એમ જાણ્યા પછી,
આવવા ને જવા, જાગ ને જાદવા.

૧૯૯૬

(મનહર અને મોદી, પૃ. ૬૫)

# કવિ અને કવિતા: મનહર મોદી

## ૧

આધુનિક ઉન્મેષથી થનગનતા પ્રયોગશીલ કવિ મનહર મોદીનો જન્મ તા. ૧૫-૦૪-૧૯૩૭ના રોજ અમદાવાદમાં થયો હતો. કબીરપંથી પરિવાર. પિતા શાંતિલાલ કરિયાણાની દુકાન ચલાવતા. માતા ગજીબહેન. મનહર મોદીનું શાળા તથા કૉલેજનું શિક્ષણ અમદાવાદમાં. ૧૯૬૨માં અર્થશાસ્ત્ર તથા આંકડાશાસ્ત્ર સાથે બી.એ.; ૧૯૬૪માં બીજી વાર ગુજરાતી અને સંસ્કૃત વિષયો સાથે બી.એ.; ૧૯૬૬માં ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદમાંથી ગુજરાતી તથા સંસ્કૃત વિષયો સાથે એમ.એ. થયા. અભ્યાસ સાથે નોકરી કરી — ૧૯૫૬થી ૧૯૫૮ સુધી ટૅક્સટાઇલ ડિઝાઇન સેલ્સમૅન, ૧૯૫૮થી ૧૯૬૬ સુધી વેસ્ટર્ન રેલવેમાં ટિકિટક્લાર્ક. ૧૯૬૬માં ડાકોરની કૉલેજમાં વ્યાખ્યાતા તરીકે એક વર્ષ અધ્યાપન. ત્યારબાદ અમદાવાદમાં ભક્ત વલ્લભ ધોળા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજમાં વ્યાખ્યાતા તરીકે જોડાયા અને ૧૯૯૭માં ગુજરાતી વિભાગના અધ્યક્ષ તરીકે નિવૃત્ત થયા. ત્યારબાદ એમણે પ્રકાશન સંસ્થા ‘રન્નાદે’ શરૂ કરી. થોડા સમય માટે તેઓ ‘નિરીક્ષક’, ‘ઉદ્‌ગાર’ તથા ‘પરબ’ના તંત્રી રહ્યા. રન્નાદે પ્રકાશનસંસ્થા શરૂ કર્યા પછી ‘ઓળખ’ના તંત્રી રહ્યા. તેઓ ગુજરાતી અધ્યાપક સંઘના પ્રમુખ તથા ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપપ્રમુખ રહ્યા. તા. ૨૩-૦૨-૨૦૦૩ના રોજ અમદાવાદમાં તેમનું અવસાન થયું.

૧૯૯૮માં તેમને ધનજી કાનજી સુવર્ણચંદ્રક એનાયત થયો હતો. આ ઉપરાંત કલાપી પુરસ્કાર, ગુજરાતી સાહિત્ય પરિષદ તથા ગુજરાત સાહિત્ય અકાદમીનાં પારિતોષિકોથી સન્માનિત.

મનહર મોદી પાસેથી ‘આકૃતિ’ (૧૯૬૩), ‘ૐ તત્ સત્’ (૧૯૬૭), ‘૧૧ દરિયા’ (૧૯૮૬), ‘હસુમતી અને બીજાં’ (૧૯૮૭), ‘એક વધારાની ક્ષણ’ (૧૯૯૩), ‘મનહર અને મોદી’ (૧૯૯૮) જેવાં કાવ્યગ્રંથો પ્રાપ્ત થયા છે.

૨

૧૯૬૨થી મનહર મોદી ‘કુમાર’ કાર્યાલયમાં ચાલતી ‘બુધસભા’માં જવા લાગ્યા. મુ. બચુભાઈની બુધસભામાં તેમના છંદો પાકા થયા ને કવિતાની સમજણ વિકસતી ગઈ. ગઝલસર્જનની શરૂઆતના ગાળામાં તેમને અંબાલાલ ડાયરનું માર્ગદર્શન મળ્યું હતું. ‘બુધસભા’માં એમને આદિલ મન્સૂરી, ચિનુ મોદી, લાભશંકર ઠાકર તથા ચંદ્રકાન્ત શેઠ જેવા કવિમિત્રો મળ્યા. લાભશંકર તથા એમના કવિમિત્રોએ ‘રે મઠ’ શરૂ કર્યું. મનહર મોદી ‘રે મઠ’માં સક્રિય રહ્યા. કવિતામાં ભાંગફોડ ને મસ્તીભર્યાં તોફાનો કરવા માટે એમને ‘રે મઠ’માં એમના નિજી મસ્તી-મિજાજને સાનુકૂળ એવું મોકળું મેદાન મળ્યું ને કવિતામાં એમના અ-રૂઢ ખેલ ખેલાવા લાગ્યા.

૩

ભાષા સાથે ભાંગફોડ કરનાર, પરંપરા તથા વ્યવહારિક ભાષાને સખળડખળ કરનાર મનહર મોદીની મોટી મોટી પહોળી આંખોમાં વિસ્મયમઢ્યું તોફાન તગતગતું. અરૂઢ રીતિથી, અ-તર્ક – અન્-અર્થ થકી કાવ્યને અને જાતને પામવાના ભારે અભરખા. પોતાનો પરિચય તેઓ આમ આપે છે –

**‘એ જ છે મારા પરિચયની કથા,**
**ગા લ ગા ગાગા લગાગાગા લગા.’**

આ કવિ પોતાની જાતને કઈ કઈ રીતે સંબોધે છે! ક્યારેક 'મનહરલાલજી' (રા. વિ. પાઠના 'નટવરલાલજી' યાદ આવે), ક્યારેક 'મનહરા!' કહીને, ક્યારેક 'ઈશ્વર કહીને,' –

**'કહી દો**
**કે**
**મનહર મોદીનું નામ ઈશ્વર છે**
**અને**
**ઈશ્વર તો ક્યારનોયે મરી પરવાર્યો છે.'**

તો ક્યારેક, 'મનહર અને મોદી'-કહીને! જાણે મગની બે ફાડ જુદી! અને આ બે ફાડ વચ્ચેનો તાલમેલ કેવો છે?! —

**'મનહર મોદી મનહર મોદીના નામનો બકવાસ કરી કરીને**
**મનહર મોદીને મારી નાખશે.'**

જાતની અને ઈશ્વરનીય વિડંબના કરીને આ કવિ ખાટી-મીઠી-બહેરી-મૂંગી-લાલ-પીળી-લીલી-ખરબચડી-લીસ્સી ક્રીડાય કરે! જેમ કે, આ કવિમાં ઈશ્વર કઈ રીતે પ્રગટ થાય છે? –

**'ઈશ્વર જેવો લાગે છે**
**ઓ ઊભો ત્યાં એક ડફોળ'**

*

**'ખખડે ખાલી દ્વાર, ખુદાજી,**
**અંદર છો કે બહાર, ખુદાજી.'**

મનહર મોદીનો વિશેષ પરિચય આપતા, એમનો 'હું' રજૂ કરતા કેટલાક શેર –

‘બંધ થઈ જાઉં આજ શબ્દ બની,
એટલો ઊઘડી ગયો છું હું.’

*

‘ડોલે છે ને દોડે છે,
મનહર મોદીની ચગડોળ’

*

‘થાકે – તેને ઊંચકે છે,
હું ને મારો પડછાયો.’

*

‘હોડીમાં હું બેઠો છું,
દરિયાને હંકારું છું.’

*

‘મેં મને ખૂબ ખૂબ ઘૂંટ્યો છે,
ને મને આવડી ગયો છું હું.’

*

‘હું નથી, હું નથી, એમ જાણ્યા પછી,
આવવા ને જવા, જાગ ને જાદવા.’

પોતાની જાતનાં આટઆટલાં ભિન્ન ભિન્ન રૂપો પ્રગટાવવા છતાં ભીતરની Integrity તો અખંડ છે –

‘ટુકડે ટુકડે આખો છું હું,
છેક સુધી લંબાયો છું હું.’

જાણે કોઈ કૅલિડોસ્કૉપથી આ કવિએ જાતના ટુકડાઓને અને એની અખંડતાને અનેક સ્વ-રૂપોમાં જાણી-નાણી-માણી છે.

ભાષાને તોડી-ફોડી-મરોડી નિજ કાવ્યભાષા-બાની પ્રગટાવવા તથા

કાવ્યાનુભૂતિ ચમકાવવા મથનાર આ કવિ કવિતા વિશે શું કહે છે?! –

**કવિતા**

**એકલ દોકલ ભડકે એવી**
**ભૂંડી.**
**ઓગાળે ખંડેર,**
**કાપે અવાજ,**
**ચીરે ધુમ્મસની ખોપરીઓ**
**ખોદે ઘાસ ઘાસનો રંગ.**
**ગલીકૂંચીમાં મકાન જેવી**
**ઊંડી.**
**ખાટું પહેરે,**
**પીળું ખાય.'**

સંકુલ સંવેદનોનું તાજગીસભર કલ્પનો દ્વારા ઍબ્સ્ટ્રૅક્ટ શબ્દચિત્રોમાં રૂપાંતર કરીને આ કવિ કાવ્ય-ચમત્કાર કરે છે. સુરેશ જોષીને તેમના 'તરડાયેલા પડછાયા' કાવ્યસંદર્ભે રેમ્બ્રોન્ટ જેવો કવિ યાદ આવે છે –

**'જાઓ.**
**તરડાયેલા પડછાયા પહોંચાડી આવો**
**સાગરમાં છે વહાણ ઊભું.'**

મનહર મોદીનાં કાવ્યો, ગઝલોમાં ઍબ્સર્ડ કહી શકાય તેવાં તાજગીભર્યાં ઍબ્સ્ટ્રૅક્ટ શબ્દચિત્રો મળે છે. આદિલ મન્સૂરીએ મનહર મોદીને પહેલા અને કદાચ છેલ્લા ઍબ્સર્ડ ગુજરાતી ગઝલકાર કહેલા અને અગાસી રદીફવાળી ગઝલનું ઉદાહરણ આપેલું. તેનો એક શે'ર —

**'બધી બારીઓ થાય છે બંધ ત્યારે**
**ઊઠે છે ને ઘરમાં ફરે છે અગાસી.'**

મનહર મોદીના કાવ્યસંગ્રહ 'ૐ તત્ સત્'ની અછાંદસ કવિતા વિશે

દિનેશ કોઠારીએ નોંધ્યું છે —

'પોતાની અંતર્ગત ભાષાની (જીવનની પણ) તાર્કિકતા અને જેહાદ જગાડનાર કવિ લાભશંકરે પણ રૂઢ ભાષાની આવી અને આટલી તોડફોડ કરી નથી. અભિધાથી દૂરના દૂર ચાલ્યા જઈને તેઓ absurd કવિતા સુધી પહોંચી જાય છે.'

આધુનિકતાનો ગાળો વહી ગયો એ પછી આ જ કવિમાં કેવા વળાંકો આવ્યા એ જોવુંય રસપ્રદ બની રહે. તર્કનો હ્રાસ કરનાર, અન્-અર્થ તરફ જનાર આ કવિ-ગઝલકાર એમની બીજી ઇનિંગ ખેલતી વખતે સહજ સાદગી દ્વારા સીધો-સોંસરો બોધ પણ આપે છે. જેમ કે –

**'માણસ છો તો માણસ રહીને કરજો એવાં કામ;**
**ઈશ્વર જોવા દોડી આવે, બોલે ઝીણા મોર.'**

*

**'આપણે આપણું હોય એથી વધુ,**
**અન્યને આપવા, જાગ ને જાદવા.'**

પહેલી ઇનિંગમાં 'અગાસી', 'કૂકડો', 'અવાજો', 'ઊંઘ' જેવા રદીફ લઈને પ્રયોગો કરનાર આ ગઝલકાર એમની બીજી ઇનિંગમાં કેટલાંક જાણીતાં પદોમાંથી 'બોલે ઝીણા મોર', 'મુખડાની માયા', 'જાગ ને જાદવા' જેવાં રદીફો લઈ, સરળ બાની દ્વારા ઊંડાણસભર ગઝલકાવ્યો રચે છે!

અદ્યતન ગુજરાતી ગઝલની ગતિ વિશે મનહર મોદીએ વક્તવ્ય આપેલું. એનો એક ફકરો જોઈએ – જેમાંથી મનહર મોદીની રચના-પ્રક્રિયા પમાય છે –

'સતત મથવું, સામા છેડેથી તરવું, પોતાના શબ્દને અણિશુદ્ધ ચોખ્ખો ને સાફસૂથરો રાખવો, સ્વરૂપની 'જડતા'ને ધક્કો મારવો. ગઝલિયતમાં શેરિયત અને શેરિયતમાં ગઝલિયતના અંશો દાખલ કરવા. વિષયથી માંડીને અ-વિષય સુધી જવું-આવવું, શબ્દમાંથી શબ્દને Improvise કરવો, સાદગી અને છાકનાં અનેક રૂપો સર્જવાં, 'મસ્તી'ને નોખાં ત્રાજવાં અને

કાંટાથી તોલવી, 'મિજાજ'ને પામવા અને માપવાની સભાન સજ્જતા કેળવવી, 'અ'ને 'ક' કહેવો અને પુરવાર કરવો. આ અને આવું બધું અમારાથી શરૂ થયું અને ચાલ્યા કરે છે.'

— આવા આવા કીમિયા કરનાર આ ખેલંદા કવિ-ગઝલકારના કેટલાક ઉત્તમ શેર —

**'મારી કને કશુંય નથી એમ ના કહું,**
**મારું બધુંય હોય છે મારા સિવાયમાં.'**

*

**'પોલાં શરીર જેવા દેખાવ થઈ ગયા છે,**
**પથ્થર હતા તે અમને વાગી તૂટી ગયા છે.'**

*

**'જીવી શકું હું કઈ રીતે તમને સ્મર્યા વગર?**
**પાંપણ કદીયે રહી શકે મટકું ભર્યા વગર?'**

*

**'આ ઘર તે ઘર ઘરમાંયે ઘર,**
**માણસ માણસ માણસ માગે.'**

*

**'બને તો એમને કહેજો કે ખુશબો ધ્યાનમાં રાખે,**
**બગીચામાં બધાં ફૂલોની હમણાં ઘાત ચાલે છે.'**

*

**'પવનની ગતિ એમ લાગે છે જાણે,**
**દિશાઓ ઉપાડીને ચાલે છે ગાડું!'**

*

**‘ગૂર્જરી ગઝલો વિનાની પાંગળી ફિક્કી હજો ના,**
**લો લખી લો માલ-મિલકત આપણા અગિયાર દરિયા.’**

ગૂર્જરી ગઝલોને અગિયાર દરિયા આપનાર, ગઝલિયત અને શેરિયતમાં ‘મનહરિયત’ પેટાવનાર, અકારણ અર્થનું ઈંડું સડતું રાખીને ‘શબ્દમાં શબ્દાશ’ પ્રગટાવનાર, અક્ષરમાં બેસીને જાતને માપનાર આ કવિ-ગઝલકારને શત શત વંદન, સો સો સલામ.

**– યોગેશ જોષી**

તા. ૫-૬-૨૦૨૨
વિશ્વ પર્યાવરણ દિવસ